# ગઢોડા નજીક ઉમિયા માતાજીના રથને પોલીસે અટકાવ્યો

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના ગઢોડાથી રવિવારે સવારે હાર્દિક પટેલના સમર્થનમાં સોલા જવા નીકળેલ ઉમિયા માતાજીના રથ સાથેની પાટીદારોની પદયાત્રાને ગામથી દોઢ કિમી દુર પોલીસે વગર મંજુરી નીકળી હોવાને લઈને અટકાવી દીધી હતી જેથી પાટીદારો નહિ રોકાતા પોલીસે ૨૫ મહિલા સહીત ૫૦ પાટીદારોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી. જેથી પાટીદારોમાં રોષ વ્યાપી ગયો હતો.

ગુજરાતમાં અનામત તેમજ ખેડૂતોના દેવામાફીની માંગ સાથે ઉપવાસમાં ઉતરેલા હાર્દિક પટેલના સમર્થનમાં આજે સાબરકાંઠાના ગઢોડા ગામના લોકોએ અમદાવાદ સુધી પદયાત્રાનું આયોજન કરાયું હતું જોકે માં ઉમીયાના રથયાત્રા અંગે કોઈ પરમીશન ન હોવાને પગલે ૫૦ની અટકાયત કરાઈ છે.

છેલા ૯ દિવસથી અનામત તેમજ ખેડૂત દેવા માફીને પગલે આજે સાબરકાંઠાના ગઢોડા ગામથી અમદાવાદ સોલા સુધી ઉમિયાજીના રથ સાથે મોટી સંખ્યામાં અમદાવાદ જવા રવાના થયા હતા. જોકે પોલીસે અધવચ્ચે જ તમામ લોકોને અટકાવ્યા હતા જ્યાં સ્થાનિકો રસ્તા પર બેસી જતા ૨૫ મહિલાઓ સહીત ૫૦ પાટીદારોની અટકાયત થઈ



કરાઈ છે. જો કે ગઢોડાથી શરુ થયેલી પદયાત્રામાં મહિલાઓ સહીત મોટી સંખ્યામાં પાટીદારો જોડાયા હતા. આજે વહેલી સવારથી ગઢોડા ગામમાં ૨૦ જેટલા પાટીદાર પ્રભાવિત ગામોના પાટીદાર ગઢોડા ગામે પહોચ્યા હતા. જ્યાં મહિલાઓએ ઉમિયા માતાજીના રથને ફરતે ગરબે ઘૂમ્યા હતા ત્યારબાદ બહોળી સંખ્યામાં પાટીદારો ગઢોડા ગામેથી રથ સાથે પદયાત્રાનું પ્રસ્થાન કર્યું હતું. દરમિયાન ગઢોડાથી તલોદ માર્ગ પર ગઢોડાથી દોઢ કિમી દુર રોડ પર જીલ્લાનું એલસીબી, એસઓજી, ક્યુઆરટી, સ્થાનિક પોલીસ કાફલો આવી પહોચ્યો હતો.

જ્યાં પાટીદારો અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી ત્યારબાદ પોલીસે રથ સાથેની પાટીદારોની પદયાત્રા રોકવાની વાત કરી પરંતુ પાટીદારો જવાની વાત કરતા હતા ત્યારે પોલીસે ના પાડી જેને લઈને પોલીસ કાફલાએ પાટીદારો સાથે મહિલાઓને અટકાયત કરી જીલ્લા પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે લાવવામાં આવ્યા હતા અને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. તો હિમતનગરના ગઢોડા આસપાસ વિસ્તાર સહીત જીલ્લાભરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેને લઈને પેટ્રોલિંગ શરુ કરી દેવામાં આવ્યું હતું. ગઢોડાથી શરુ થયેલી પદયાત્રા દરમિયાન પાટીદારોએ સરકાર સમક્ષ રોષ વ્યક્ત કર્યો હતો તેમજ હાર્દિક પટેલની અનામત તેમજ ખેડૂતમાફી માટેની લડાઈમાં સાથે હોવાનો સુર વ્યક્ત કર્યો હતો. પોલીસની રુકાવટની કાર્યવાહીથી પાટીદારોમાં રોષ વ્યાપી ગયો છે તો બીજી તરફ વિના પરમીશને નીકળેલી પદયાત્રા ક્યાંક ક્યાંકને અધુરી રહી છે. તો હવે અગામી દિવસમાં પરમીશન સાથે પદયાત્રા નીકળે તો નવાઈ નહિ.

## પાટીદારો મોટી સંખ્યામાં ઉમિયા માતાજીના રથ સાથે પદયાત્રાએ સોલા જવા નીકળ્યા હતા







# હાર્દિક પટેલના સમર્થનમાં જીતપુર-છાપરીયા ગામના ૭૧ પાટીદારોએ મુંડન કરાવ્યું

### અરવલ્લી જીલ્લામાં વણિયાદ, બાયડ પંથકના જીતપુર, છાપરીયા, ભુડાસણ, પેન્ટરપુરા, ચોઈલા ગામે પાટીદારોના પ્રતીક ઉપવાસ અને રામધૂન

બાયડ, તા. ૨

પાસ કન્વીનર હાર્દિક પટેલ દ્વારા અનામતની માંગણી અને





ખેડૂતોના દેવા માફી અંગે આમરણાંત ઉપવાસની જાહેર સ્થળે સરકારની મંજૂરી નહીં મળતા પોતાના ઘરે જ ઉપવાસ આંદોલન ચાલુ કર્યુ છે ત્યારે ઉપવાસના આજે નવમા દિવસે ગુજરાતમાં પાટીદાર ભાઈઓ અને મહિલાઓ પણ હાર્દિકના સમર્થનમાં બહાર આવ્યા છે. અરવલ્લી જીલ્લ્લામાં પણ પાટીદાર સમાજના મહિલાઓ, અબાલ વૃદ્ધ સૌ કોઈનું ધીરે ધીરે સમર્થન મળી રહ્યું છે અને રાજ્ય સરકાર સામે ઉગ્ર રોષ ભભૂકી રહ્યો છે. બાયડના જીતપુર અને છાપરીયા ગામના ૭૧ પાટીદાર સમાજના યુવાનોએ મુંડન કરાવી હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને સમર્થન આપ્યું હતું.

અરવલ્લી જીલ્લાના પાટીદાર સમાજના અબાલ, વૃદ્ધ સૌ કોઈ હાર્દિક પટેલની અનામત અને ખેડૂતોની દેવા માફી માટે આદરેલા આમરણાંત ઉપવાસના ૯ માં દિવસે તબિયત લથડતા ભારે ચિંતિત બન્યા છે. જીલ્લામાં હાર્દિક પટેલને ધીરે ધીરે મોટા પ્રમાણમાં સમર્થન મળી રહ્યું છે. મોડાસા તાલુકાના વણિયાદ ગામના પાટીદાર સમાજના અગ્રણીઓ અને યુવાનોએ ૪૮ કલાકમાં રાજ્ય સરકાર દ્વારા માંગ નહિ સ્વીકારાય તો મોડાસામાં પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં આમરણાંત ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે. બાયડ તાલુકાના જીતપુર, છાપરીયા, ભુડાસણ, પેંટરપુરા, ચોઈલા સહિતના ગામોમાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો અને અગ્રણીઓ પ્રતીક ઉપવાસ પર ઉતરી રામધૂન બોલાવી હતી અને ‘‘જય સરદાર જય પાટીદાર’’ના નારા ગુંજી ઉઠ્યા હતા અને હાર્દિક પટેલના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

પ્રતીક ઉપવાસ ઉપર બેઠેલા ભાઈઓ અને મહિલાઓએ હાર્દિકના સમર્થન ઉપર સરકાર સામે રોષ વ્યકત કરી સરકાર પાટીદારોથી ગભરાઈ ગઈ છે અને માટે જ અમને લોકોને હાર્દિકના નિવાસસ્થાન સુધી જવા દેતી નથી તેવો આક્ષેપ કર્યો હતો તેમજ મશાલ સળગાવી આગામી દિવસોમાં જો હાર્દિકને કાઈ પણ થયું તો ભગતસિંહના માર્ગે આંદોલન કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી.

### મોડાસાના આશાપુરા બંગ્લોઝમાંથી

# હાઈપ્રોફાઈલ જુગારધામમાં સાત શકુનિઓ સાથે ૨.૫૯ લાખનો મુદ્દામાલ ઝડપાયો

અરવલ્લી જીલ્લામાં જન્માષ્ટમીના તહેવારના ૫ દિવસમાં મોટા પ્રમાણમાં ખેલીઓ લાખ્ખો રૂપિયાનો જુગાર દાવ પર લગાવતા હોય છે મોડાસા શહેરમાં પોલીસે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે રેડ કરી આશાપુરા બંગ્લોઝ માંથી હાઈ પ્રોફાઈલ જુગારધામ માં જુગાર રમતા ૭ શકુનિઓને ૪૩ હજાર થી વધુની રોકડ રકમ સાથે ૨.૫૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોડાસાના પોશ એરિયામાં વહેલી સવારે પડેલ પોલીસ રેડ થી અચંબિત બન્યા હતા અને તેમના વિસ્તારમાં જુગારધામ ચલાવતા નબીરા સામે ઉગ્ર રોષ ઠાલવતા નજરે પડતા હતા.

મોડાસાના આશાપુરા બંગ્લોઝ માંથી ઝડપાયેલા ૭ શકુનિઓ માંથી કેટલાક પ્રતિષ્ઠિત ઘરના નબીરાઓ હોવાથી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગાડીઓની ભારે અવર-જવર જોવા મળી હતી મોડાસાના આશાપુરા બંગ્લોઝ માં પરોઢિયે મોડાસા ટાઉન પોલીસે રેડ કરી હાર જીતનો જુગાર રમી રમાડતા ૧)જીગ્નેશ ઉર્ફે જીનિયો અનિલભાઈ પટેલ (રહે,સાકરીયા) ૨)રાકેશ કાંતિલાલ પટેલ (રહે,૧૦૪ આકાશ ગંગા ફ્લેટ) ૩)જીગર નવનીત ભાઈ પટેલ (રહે,મોડાસા) , ૪)સુમન કનુભાઈ પટેલ (રહે,છ -૨૭ નાલંદા-૨) ,૫)અમિત નિરુભાઈ શાહ (રહે,૧૦ મોતીસાગર પાર્ક) ,૬)જીગ્નેશ મહેશભાઈ પ્રજાપતિ (છ -૩૧ નાલંદા-૨) ,૭) તેજસ મનહરભાઈ શેઠ (રહે,વૈષ્ણવ નગર સોસાયટી) ને ઝડપી પાડી રોકડ રકમ રૂ.૪૬૮૫૦ તથા મોબાઈલ નંગ-૭ કીં.રૂ.૬૯૦૦૦/- તથા નાના-મોટા વાહનો-૪ કીં.રૂ.૧૪૪૦૦૦/- મળી કુલ.રૂ.૨૫૯૮૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ખેડબ્રહ્મામાં આઠ ખેડૂતોના કપાસના છોડ ઉખાડી ફેંકી દીધા

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના



પાદરડી ગોર્ડન ગામમાં કેટલાક ઈસમોએ ખેતસરમાં કપાસના બિયારણના પ્લોટના છોડ ઉખાડી ફેંકી દીધા હતા, જેથી ખેડૂતોએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી ગામના રાજુભાઈ જેઠાભાઈ પટેલ ગુરુવાર સવારે ખેતરમાં ગયા હતા અને કપાસના બિયારણના પ્લોટ જોઈ પરત આવી ગયા હતા ત્યારે બાર શુક્રવાર સવારે ફરી ખેતરમાં ગયા હતા. તો હાઈવે તરફના ખૂણામાં કોઈ ઈસમોએ અડધા વીઘા જેટલી જમીનમાં કપાસના બિયારનના પ્લોટને ઉખાડી નાખી સાઈડમાં ફેંકી દીધા હતા.

જેથી તેમને આજુબાજુના ખેડૂતોને જાણ કરતા તેઓએ પણ તપાસ કરતા પાદરડીના પટેલ રણછોડભાઈ કોદરભાઈ, ફળજીભાઈ કોડરભાઈ, રુદ્રમાલા ગામના જશુભાઈ માધાભાઈ પટેલ તેમજ ગોરાટ કંપાના રમેશભાઈ માણકાભાઈ પટેલ, ભરતભાઈ કેશાભાઈ પટેલ, જશુભાઈ મોતીભાઈ પટેલ, પ્રવીણભાઈ ગોવાભાઈ પટેલના ખેતરોમાં પણ કોઈ ઈસમો કપાસના બિયારણના છોડ ઉખાડી ફેંકી દીધા હતા જેથી રાજુભાઈ જેઠાભાઈ પટેલે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ખેડબ્રહમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



શ્રી સર્વ મંગલમ વિદ્યાલય ડીસા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી.. શ્રાવણ વદ આઠમ એટલે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ અને આ દિવસે તેમના જન્મદિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ત્યારે શાળાઓમાં રજાઓ ની શરૂઆત થતી હોવાના કારણે વિવિધ શાળાઓમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે આજરોજ ડીસાની શ્રી સર્વ મંગલમ વિદ્યાલય ખાતે શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક વેશભૂષા પરિધાન કરી આ જન્મોત્સવને ઉજવવામાં આવ્યો હતો જેમાં વાલીગણ સાથે શાળાના ગુરુજનો પણ જોડાયા હતા.

# માલપુરના ગ્રામ પંચાયત નજીક જુના રહેણાંક મકાનમાંથી ચાર જુગારીઓ ઝડપાયા

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં દર વર્ષે શકુનિઓ શ્રાવણીઓ જુગાર મોટી સંખ્યામાં રમી અને રમાડી રહ્યા છે. પવિત્ર શ્રાવણ માસમાં કૃષ્ણજન્મોત્સવ સહીત અનેક તહેવારો ઉજવવામાં આવે છે પરંતુ ખેલીઓ આ મહિનો જુગારના તહેવાર તરીકે માની ઠેર ઠેર હારજીતની બાઝી માંડી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર પણ ખેલીઓને જબ્બે કરવા દિવસ રાત એક કરી રહ્યા છે. માલપુર પોલીસે ગ્રામ પંચાયત નજીક હનુમાન મંદિરની બાજુમાં જુના રહેણાંક મકાનના પાછળના ખુલ્લી જગ્યામાં હારજીતનો ગંજીપો ચીપતા ૪ શકુનિઓને દબોચી લીધા હતા. પોલીસતંત્રની શકુનિઓ સામેની લાલ આંખ કરતા શકુનિઓમાં ફફડાટ ફેલાયો હતો.

માલપુરના ગ્રામ પંચાયતના મકાન નજીક હનુમાન મંદિર પાછળના ભાગે જુના રહેણાંક મકાનોના પાછળના ભાગે સ્ટ્રીટલાઈટના અજવાળામાં હારજીતની બાજી લાગવાની માહિતી માલપુર પોલીસને મળતા માલપુર પોલીસે રેડ કરી મનુભાઈ વિજયભાઈ પંડ્યા, આસિફખાન સલીમખાન ઘાંચી, મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ સીસોદીયા, ભીખુમીયાં કાલુમિયાં શેખ (તમામ, રહે માલપુર)ને ઝડપી પાડી હાર-જીતમાં જુગારમાં લગાડેલા ૧૩૯૭૦ રૂપિયા અને મોબાઈલ નંગ-૨ કિં. રૂ.૧૦૦૦ મળી આવતા ૪ શકુનિઓ વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દલિત સેના દ્વારા કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનનો સન્માન સમારોહ યોજાશે

ગુજરાત પ્રદેશ દલિત સેના અને લોજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રી તેમજ દલિત સેનાના સ્થાપક રામ વિલાસ પાસવાનનો અભિવાદન સમારોહ આગામી તા. ૪ સપ્ટેમ્બરને સોમવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સરદાર પટેલ સ્મારક ભવન સરકીટ હાઉસ શાહીબાગ અમદાવાદ ખાતે રાખવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટના એસસી, એસટી અત્યાચારના ચુકાદાને મુળ સ્થિતિમાં લાવવા બદલ આ અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સુપ્રિમકોર્ટ એસસી, એસટી અત્યાચાર (એટ્રોસીટી) ચુકાદાથી દલિત અનુજાતિ-જનજાતિ સમાજમાં રોષ પ્રગટ્યો હતો. આ ચુકાદાને પગલે મુળ સ્થિતિમાં લાવવા દલિત સેના દ્વારા તા. ૯ ઓગસ્ટના રોજ ભારત બંધનું એલાન તેમજ રેલી, ધરણા યોજવા નિર્ણય લેવાયો હતો. પરંતુ તે પહેલા કેન્દ્રીય મંત્રી રામ વિલાસ પાસવાન, સંસદ સભ્ય ચિરાગ પાસવાન અને રાષ્ટ્રીય અધ્યક્ષ દલિત સેના અને સાંસદ રામચંદ્ર પાસવાને કેન્દ્ર સરકારને આંદોલનની ચિમકી આપી હતી જેને પગલે કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટને એટ્રોસીટી કાયદાને મુળ સ્થિતિમાં લાવવાના ચુકાદા બદલ આ અભિવાદન સમારોહનું આયોજન કરાયું છે. આ સમારોહમાં ડો.કીરીટ સોલંકી, અસારવાના ધારાસભ્ય પ્રદિપ પરમાર, દીવ-દમણ અને ગોવાના પ્રભારી મુકેશ ગુર્જર, ગુ.પ્ર.પ્રમુખ ડી.બી.પરમાર તેમજ ગુજરાત પ્રદેશના પદાધિકારીઓ, જિલ્લા પ્રમુખો, લોજપાના પદાધિકારીઓ, પ્રદેશ પ્રમુખ પંકજ રામાનુજ વગેરે ઉપસ્થિત રહેશે.

# મહાનગર મહિલા મોરચા દ્વારા કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર મહાનગરની વોર્ડ નં-૩ ની મહિલા મોરચાની બેઠક રીટાબેન.કે.પટેલ કોર્પોરેટરના નિવાસસ્થાને સેકટર-૨૨ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સંકલનકર્તા ભારતીબેન શુકલ, મહિલા મોરચાના પ્રમુખ મણીબેન દેસાઈ, કોર્પોરેટર પ્રિતિબેન દવે, નિલાબેન શુકલ, હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહિલાઓની સુરક્ષા માટે કાનુની શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુધીર દેસાઈ, મહેન્દ્રભાઈ તથા વિમળાબેને શિબિરમાં માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

## જન્માષ્ટમીના પાવન પર્વે નાગરિકોને શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જન્માષ્ટમીના પવિત્ર પર્વે રાજયના સૌ નાગરિકોને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભકામના સંદેશમાં જણાવ્યું છે કે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ હર્ષ અને પરમ આસ્થા સાથે ઉજવવામાં આવે છે.

## સે-૧ ગાયત્રી મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી

પૂજન ડાન્સ એકેડમી, ગાયત્રી મંદિર અને લાયોનેસ કલબ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગાયત્રી મંદિર સેકટર-૧ ખાતે જન્માષ્ટમીની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કૃષ્ણ જીવનની ઝાંખી નૃત્યનાટકી દ્વારા પ્રદર્શીત કરવામાં આવશે. ગાયત્રી મંદિર ખાતે સોમવારના રોજ સાંજે ૮ કલાકે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે.

## જન્માષ્ટમી પર્વની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જન્માષ્ટમીના પાવન પર્વના અવસરે રાજયના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. મુખ્ય મંત્રીશ્રીએ શુભેચ્છા સંદેશમાં કહ્યું કે, જન્માષ્ટમીના આ પર્વ નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ પરમ શ્રદ્ધા અને ભક્તિભાવથી ઉજવાય છે ત્યારે આ પર્વ સમાજમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર બંધુત્વની ભાવનાને વધુ સુદૃઢ બનાવશે.